જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૧/૨૦૧૭ રવિવાર

HAPPY NEW YEAR

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૬૫ લીટર દેશી દારૂ અને ૧૦૭ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૯ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૩ બીયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૮૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૦૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૧૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૦૩/૧૭

ક્રાઇમબ્રાન્ચ : ઉર્વશીબહેન વા/ઓ દિપકભાઈ શ્રોફ (ઉ.વ.૪૯)(રહે.સેકટર ૧/સી ગાયત્રી મંદિર પાછળ ગાંધીનગર) એ તા.૩૧/૧૨/૧૬ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૫/૧૫ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી આદીત્ય કિરીટભાઈ રાવલ (રહે. આનંદનગર એપાર્ટમેન્ટ, પ્રહલાદનગર ગાર્ડન પાસે, સેટેલાઈટ) એ આનંદનગર આદીતરાજ કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની ઓફિસમાં ઉર્વશીબહેનને નોકરી આપવાની લાલચ આપી, ઉર્વશીબહેન પાસેથી રૂપીયા ૩૧,૦૦૦/- મેળવી લઇ, નાણાં પાછા નહીં આપી, ઉર્વશીબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.ગોસ્વામી ક્રાઇમબ્રાન્ચ નાઓ ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૦૪/૧૭

કૃષ્ણનગર : મનુભાઇ વાલજીભાઇ કાપડીયા (રહે,પાર્થ રેસીડન્સી, લાભાર્થ સોસાયટી ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૨/૧૬ રાતનાં ૧૦/૦૦ થી તા.૩૧/૧૨/૨૦૧૬ નાં કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન શકદાર આરોપી રોજંનસીગ નાએ પુષ્પકુજ કોમ્પલેક્ષમાં આવેલ ડીમ્પલ એંટર્પ્રાઇજ એમ્બ્રોડરી નામનાં મનુભાઇનાં કારખાનામાંથી ડુપ્લીકેટ ચાવીથી ડ્રોવરનું લોક ખોલી, ડ્રોવરમાં મુકેલા રોકડા રૂપીયા ૪,૦૦,૦૦૦/- અને સી.સી.ટી.વી.નું ડી.વી.આર. કિંમત રૂપીયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૦૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.આર.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>નજર ચુકવી ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૦૫/૧૭</u>**

**સેટેલાઇટઃ** નમ્રતાબેન વા/ઓ લોકેશનાથ શર્મા (ઉ.વ.૪૬)(રહે,શ્યામલ આલય સુભાષનગર બ્રીજ ગલી ઉદયપુર રાજસ્થાન) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૧૨/૧૬ સાંજના ૪/૪૫ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન નહેરુનગર "એમ ફેશન" દુકાન બહાર આવેલ ફૂટપાથ પર બેસતા કુર્તીવાળા પાથારણા સામે કોઇ અજાણી વ્યક્તિ નમ્રતાબહેનની નજર ચુકવી તેમનું પર્સ કે જેમાં રીયલ ડાયમંડ તથા સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૬૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૯,૦૦૦/- મળી કુલ રૂપીયા ૭૩,૦૦૦/- મતા મુકેલ પર્સની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રજીતસિંહ અમરસિંહ ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૦૬/૧૭</u>**

**જી.આઇ.ડી.સી.વટવા** : માયાબેહન પ્રતાપભાઈ માલવીયા (ઉ.વ.૫૫)(રહે. એલ શાલીન હાઈટસ-૩ વિંઝોલ સર્કલ પાસે) તા.૩૧/૧૨/૧૬ બપોરના ૨/૦૦ થી ૨/૩૦ વાગ્યા દરમ્યાન શાલીન હાઈટસ -૩ ફલેટની સામે વંદેમાતરમ ફલેટ પાસે સર્વિસ રોડ નજીક રસ્તો ક્રોસ કરતાં હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ માયાબહેનનાં ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઈ ગયા હતા. આ અંગેની ફરીયાદ માયાબહેન માલવીયાએ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એન.વાઘેલા ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૦૭/૧૭</u>**

**ચાંદખેડા : (૧)** મીનાક્ષીબેન હાર્દિકભાઇ રાઠોડ (રહે,ગણેશ શરણમ, ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૨/૧૬ ના કલાક ૫/૪૫ વાગ્યાના સુમારે જગતપુર ગામ જવાના નાકે એસ.જી.હાઇવે રોડ ઉપર પોતાના પતિ હાર્દિકભાઇ હર્ષદભાઇ રાઠોડ(ઉ.વ.૩૪) ને અજાણ્યા ફોર વ્હીલનાં ચાલકે ટક્કર મારતાં, હાર્દિકભાઇને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સોલા સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧૨/૧૬ નાં કલાક ૨/૧૦ વાગે હાર્દિકભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એમ.વાઢેર ચલાવે છે.

**(૨)** અર્ચનાબહેન વિશાલદીપ પ્રસાદ (રહે.દર્શન રેસીડેન્સી મોટેરા ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૧૨/૧૬ ના કલાક ૧૧/૩૫ વાગ્યાના સુમારે ચાંદખેડા અશોક વિહાર બંગ્લોઝ પાસેના રોડ ઉપર વર્ના કાર નંબર.જીજે.૦૧.આર.કે.૨૦૦૭ નાં અજાણ્યા ચાલકે અર્ચનાબહેનનાં સસરા મહેન્દ્રપ્રસાદ બલગોવિંદપ્રસાદ (ઉ.વ.૬૫) ને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૧૨/૧૬ નાં કલાક ૯/૫૫ વાગે મહેન્દ્રપસાદનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.કે.બાંગા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)